# અનેક નિયંત્રણો છતાં ચૂંટણીમાં દારૂની રેલમછેલ

**ઉમેદવારોનો અડધો અડધ ખર્ચ દારૂની પાર્ટીઓ પાછળ થતો હોવાનો અંદાજ : પોલીસે ૩૧ કરોડથી વધુનો દારૂ પકડ્યો**

ગાંધીનગર, તા. ૨૭

ભલે સામાન્ય મતદારો જોઈ ન શકે પરંતુ રાજકીય પાર્ટીઓ સાથે સીધી રીતે જોડાયેલા કાર્યકરો આ વાત જાણે જ છે કે ઉમેદવારોનો સૌથી મોટો ખર્ચ દારૂની પાછળ થાય છે.

કોઈ સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ ચૂંટણી સમયે રાજ્યમાં દારૂની રેલમછેલ છે.

ચૂંટણી આવે એટલે નશેડીઓને મોજ થઈ જાય છે. મફતમાં દારૂની લ્હાણી થતાં સામાન્ય લોકો પણ તેનાથી બાકાત રહી શકતા નથી. મતદારોને આકર્ષવા માટે દારૂનો એક સૂચક હથિયાર તરીકે ઉપયોગ થાય છે. પોલીસ અને ચૂંટણી પંચ ગમે તેટલા દાવા કરે પરંતુ દારૂની રેલમછેલ અટકતી નથી તે હકીકત છે. શહેરી વિસ્તારોની સાથોસાથ હવે ગ્રામ્ય વિસ્તારોમાં આ બદી ખૂબ ફૂલીફાલી છે.

કદાચ શહેરી વિસ્તારો કરતા ગ્રામ્ય વિસ્તારોમાં આ બદી વધુ જોવા મળે છે.

ચૂંટણીના પ્રચાર દરમ્યાન ભજીયા પાર્ટીની બોલબાલ છે પરંતુ છાને ખૂણે દારૂની પણ એટલી જ માંગ છે. ચર્ચાતી વાતો મુજબ ઉમેદવારોનો સૌથી વધુ ખર્ચ દારૂની પાછળ જ થાય છે. મતદારોને રીઝવવાનો આ સૌથી સહેલો રસ્તો છે. ગુજરાતમાં દારૂબંધી હોવાથી સ્વાભાવિક રીતે સામાન્ય જનતાને તેનુ આકર્ષણ વધુ રહે છે. વળી કાર્યકરોનો ઉત્સાહ જાળવી રાખવા અને તેમને પ્રચારકાર્યમાં સતત જોતરી રાખવા માટે દારૂનો ઉપયોગ વધુ થાય છે. ઉમેદવારો બુટલેગરોને ખાસ ઓર્ડર આપતા હોવાની પણ ચર્ચા છે.

ચૂંટણી દરમ્યાન પોલીસે જે શરાબ પકડ્યો છે



તેના પરથી અંદાજ આવી જશે કે રાજ્યમાં કઈ હદે દારૂની રેલમછેલ છે. પોલીસે વિવિધ સ્થળે દરોડા પાડી ૩૧ કરોડથી વધુનો શરાબ અને મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ચેકપોસ્ટ પર ચેકીંગ વધારી પોલીસ આ બદીને દૂર કરવા પ્રયાસ કરી રહી છે. પરંતુ તે માત્ર દેખાડો હોય તેવુ જ લાગી રહ્યુ છે. પકડાયેલો દારૂ તો ખરેખર ઉપયોગમાં લેવાયેલા દારૂનો પાંચ ટકા હિસ્સો પણ નથી

# નવતર પહેલ : ૮૦ વર્ષથી વધુ વયના અશક્ત વડીલોનુ ઘેરબેઠા મતદાન

**પુરી ગુપ્તતા જળવાય એવી પ્રક્રિયા દ્વારા ચૂંટણી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ ઘેર-ઘેર જઈને મત મેળવી રહ્યા છે**




ગાંધીનગર તા. ૨૭

ગાંધીનગર જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓ- કર્મચારીઓ અશક્ત વડીલો અને દિવ્યાંગોના ઘેર ઘેર જઈને તેમનું મતદાન મેળવી રહ્યા છે. ફોર્મ ૧૨-ડી જેમણે ભર્યું હતું એવા ૮૦ થી વધુ વયના અશક્ત વડીલો અને મતદાન માટે બૂથ સુધી જઈ શકવા અસમર્થ હોય એવા દિવ્યાંગજનોના મતદાનની કામગીરી સમગ્ર રાજ્યમાં હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરના સેક્ટર ૧-બી માં રહેતા વરિષ્ઠ લેખક અને નિવૃત્ત સરકારી અધિકારી શ્રી સુરેશભાઈ પ્રા. ભટ્ટ આગામી ડિસેમ્બર મહિનામાં ૮૫ વર્ષના થઈ રહ્યા છે. અવસ્થાને કારણે તેઓ વૉટીંગ માટે મતદાન મથક સુધી જઈ શકે તેમ ન હોવાથી ગાંધીનગર જિલ્લા ચૂંટણી તંત્રના બૂથ લેવલ ઓફિસર અને અન્ય અધિકારીઓ-કર્મચારીઓની બનેલી ટીમે આજે તેમના નિવાસસ્થાને જઈને મતદાન કરાવ્યું હતું.

ઈલેકશન કમિશન દ્વારા વિધાનસભાની આ ચૂંટણીઓમાં ૮૦ વર્ષથી વધુ વયના અશક્ત વડીલો, દિવ્યાંગો અને કોરોનાગ્રસ્તો માટે તેમના નિવાસસ્થાને જઈને મત મેળવવાનો નવતર અભિગમ અપનાવાયો છે. ચૂંટણીની જાહેરાત થયાના પ્રથમ સપ્તાહમાં આવા મતદારોએ ફોર્મ ૧૨-ડી ભરીને આપવાની વ્યવસ્થા હતી. જેમણે ફોર્મ ૧૨-ડી ભર્યા હતા એવા વડીલો, દિવ્યાંગો અત્યારે ઘેર બેઠા મતદાન કરી રહ્યા છે. જિલ્લા ચૂંટણી તંત્રની આખી ટીમ પોતાની સાથે પોસ્ટલ બેલેટ માટેની તમામ વ્યવસ્થાઓ સાથે આવા મતદારોના નિવાસસ્થાને પહોંચે છે. તેમની સાથે રાજકીય પક્ષોના ઉમેદવારો કે તેમણે નિયુક્ત કરેલા પ્રતિનિધિઓ પણ હોય છે. પોલીસકર્મી અને વિડીયોગ્રાફીની ચોકસાઈ સાથે ઘરમાં રીતસર મત કુટીર ઊભી કરવામાં આવે છે, અને પછી વડીલ કે દિવ્યાંગ વ્યક્તિ ઘેર બેઠા મતદાન કરે છે. સમગ્ર પ્રક્રિયામાં મતદાન મથક જેવી જ ગુપ્તતા જાળવવામાં આવે છે.

ગાંધીનગરના વરિષ્ઠ લેખક શ્રી સુરેશ પ્રા ભટ્ટે અવસ્થાને કારણે દ્રષ્ટિ પણ ગુમાવી છે. આવી અવસ્થામાં ચૂંટણીતંત્ર ઘેર આવીને મતદાન કરાવી જાય એ આખી પ્રક્રિયાથી તેઓ ગદગદિત થઈ ગયા હતા. શ્રી સુરેશ ભટ્ટે ઈલેકશન કમિશન પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, હું લોકશાહીના રક્ષકોનો આભાર માનું છું. એક મહિના પછી હું ૮૫ વર્ષનો થઈશ. આવી અશકતાવસ્થામાં હું મતદાન માટે જઈ શક્યો ન હોત. ચૂંટણી પંચના અધિકારીઓ-કર્મચારીઓ આજે ઘેર આવીને મારો મત લઈ ગયા. લોકશાહી વ્યવસ્થામાં એક-એક મત કેટલો કિંમતી છે એ સૌએ સમજવા જેવું છે." જે લોકો મતદાન મથક સુધી જઈ શકે છે, એ સૌને ઉત્સાહપૂર્વક મતદાન કરવા તેમણે અપીલ કરી હતી.

# વલાદ બ્રિજ પાસે ગાડીની અડફેટે માલવાહક રીક્ષાચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના વલાદ બ્રિજ પાસે ગાડીના ચાલકે પોતાની ગાડી પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી માલવાહક રીક્ષાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં રીક્ષા ચાલક ને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મૃત્યુ થતા ડભોડા પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નાના ચિલોડા રિધ્ધી-સિધ્ધી એવન્યુ સોસાયટી ખાતે રહેતા હિતેશ વાસણઈયાના પરિવારમાં બે બહેનો છે. જેના પિતા દિલિપભાઈ છેલ્લા પાંચ વર્ષથી માર્બલની ફેકટરીમાં લોંડીગ રીક્ષા ડ્રાઈવર તરીકે હંકારતા હતા. ગઈકાલે તા.૨૬ મી નવેમ્બરના રોજ સવારના નવ વાગ્યાના અરસામાં તેઓ નોબલનગર નોકરી પર ગયા હતા.ત્યારબાદ બપોરના સમયે દિલિપભાઈના શેઠ હેમલભાઈએ હિતેશને ફોન કરીને કહ્યું કે તેના પિતા તેમજ રામનાથ બંને જણા લોડીંગ રીક્ષા લઈને જતા હતા. તે સમયે નાના ચિલોડા થી મોટા ચિલોડા તરફ જતા વલાદ ગામ બ્રિજ નજીક અકસ્માત થયો છે. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ વ્યકિતઓને ગાંધીનગર સિવિલ ખાતે ખસેડાયા હતા. આ સાંભળી હિતેશના સગા સંબંધીઓ સાથે સિવિલ દોડી ગયો હતો. જયાં દિલિપભાઈની સારવાર ચાલી રહી હતી. જો કે માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા દિલિપભાઈને સઘન સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાની ડોકટર્સ વાતચીત કરી રહ્યા હતા. તે દરમિયાન દિલિપભાઈની તબિયત અચાનક જ લથડી ગઈ હતી. જયારે ટુંકી સારવાર દરમિયાન તેમનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. જયારે રીક્ષામાં સાથે રહેલા રામનાથબાઈએ જણાવ્યુ કે બંન્ને જણા રીક્ષામાં માર્બલ ટાઈલ્સ ભરીને જઈ રહ્યા હતા. તે સમયે વલાદ બ્રીજ પાસે ગાડીનં.જી.જે.૦૧.આર.વાય.-૧૬૦૭ ના ચાલકે રીક્ષાને અડફેટે લીધી હતી. અકસ્માતને પગલે માર્ગ પર નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે થોડીવાર માટે માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.




ભાજપે ગાંધીનગરના શહેરી મતદારોને આકર્ષવા અવનવા પ્રયોગો હાથ ધર્યા છે. વોર્ડ નં. ૮ માં ભાજપે ઠેર ઠેર પત્રિકાઓનું વિતરણ કરી મતદારોને ભાજપ તરફી મતદાન કરવા અપીલ કરી હતી.

# રાંધેજાથી ઉનાવા સુધીના ગ્રામ્ય વિસ્તારમાં રીટાબેન પટેલનું જન સંપર્ક અભિયાન

**અલ્પા પટેલના લાઇવ ડીજે સાથે રાધેજામાં રંગ જમાવ્યો : ગ્રામીણ મહિલાઓએ રીટાબેનને ભૂતપૂર્વ આવકાર આપ્યો : સ્થાનિક યુવતીઓએ સેલ્ફી લેવા માટે પડાપડી કરી : રીટાબેને રાંધેજાના મહિલા કાર્યકરો સાથે ભોજન લીધું**



ગાંધીનગર તા. ૨૭

આજે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર રીટાબેન પટેલે ઉનાવા, વાસણ, રાંધેજા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં જોશપૂર્ણ રીતે પ્રચાર કર્યો હતો. જન સંપર્ક અભિયાન અંતર્ગતઆયોજિત આ પ્રચાર કાર્ય દરમિયાનરીટાબેન પટેલે રાંધેજા સહિતના ગામોમાં અલ્પા પટેલના લાઈવ ડીજે સાથે રોડ શો પણ યોજ્યા હતા. આ રોડ શો દરમિયાન રીટાબેન પટેલને ગ્રામ્ય વિસ્તારની જનતા તરફથી આ ભૂતપૂર્વ આવકાર પ્રાપ્ત થયો હતો જેમાં ખાસ કરીને મહિલાઓએ રીટાબેન પટેલને આકાર આપી તેમનું પુષ્પહારથી સ્વાગત અભિવાદન પણ કર્યું. રાંધેજા ગામની યુવા યુવતીઓ અને મહિલાઓએ રીટાબેન પટેલ સાથે સેલ્ફી લેવા માટે પડાપડી કરી હતી. બીજી તરફ રાધેજામાં આજે રીટાબેન પટેલે ભાજપની સ્થાનિક મહિલા કાર્યકરો સાથે ભોજન પણ લીધું હતું જેને કારણે સ્થાનિક મહિલા કાર્યકરોમાં ભારે ઉત્સાહનો સંચાર થવા પામ્યો હતો. રીટાબેન પટેલના આ જનસંપર્ક અભિયાનમાં પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ ગાંધીનગરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા ભાજપ અગ્રણી કેતનભાઈ પટેલ સહિત રાંધેજાના ભાજપના અગ્રણીઓ રસિકભાઈ મણીભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, રાજા વગેરે ઉપરાંત મોટી સંખ્યામાં સ્થાનિક ભાજપે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.



રજા એટલે અમુક યુવાનો માટે આખો દિવસ ક્રિકેટ ટીચવાનો... સોરી રમવાનો દિવસ... વળી આજકાલ તો શિયાળાના દિવસો ચાલી રહ્યા છે. ગરમી સાવ ઓછી થઈ ગઈ હોવાથી અને તડકો કુણો બન્યો હોવાથી યુવાનો રવિવારનો રજાનો ક્રિકેટ રમવામાં જ ઉપયોગ કરી લે છે. સેકટર-૧૫ પાસેના ખુલ્લા મેદાનમાં રવિવાર રજામાં એકત્ર થયેલા યુવાનો ક્રિકેટ રમી રહ્યા છે.

# ચૂંટણીના તીવ્ર જંગમાં જમણવારોનો જમાવડો

**મતદાનની આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જમણવારથી માંડીને ભજીયા પાર્ટીની ધૂમ : દમદાર ઉમેદવારો જમણવાર પાછળ ધૂમ ખર્ચો કરી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૨૭

મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જમણવારોનો જલ્સો થઈ રહ્યો છે. ઉમેદવારો ગ્રામ્ય વિસ્તારોમાં અને શહેરી વિસ્તારોમાં જમણવારો ગોઠવી ધૂમ ખર્ચો કરી રહ્યા છે. ઠેર ઠેર યોજાઈ રહેલા જમણવારો અને ભજીયા પાર્ટી દ્વારા મતદારોને આકર્ષવાના પ્રયાસો થઈ રહ્યા છે.

ચૂંટણી વિધાનસભાની હોય કે સ્થાનિક પંચાયતની... જમણવાર હંમેશા હોટ ફેવરીટ રહ્યા છે.

ઉમેદવારોના ભવ્ય જમણવારો તેઓની જીતની ગેરંટી આપે છે. વિધાનસભાની ચૂંટણીઓનો માહાલો જામ્યો છે ત્યારે ઠેર ઠેર સ્પોન્સર્ડ જમણવાર ગોઠવાઈ રહ્યા છે. દારૂ બાદ સૌથી મોટો ખર્ચ જમણવાર પાછળ થઈ રહ્યો છે. બેઠક જીતવા માટે ઉમેદવારો જરાય કચાશ રાખવા માંગતા નથી. કાર્યકરો આખો દિવસ પ્રચાર પાછળ જોતરાયેલા રહે છે. કાર્યકરોને સવાર-સાંજ ભાવતા ભોજન પીરસાય છે પરંતુ સાથે સાથે જ જ્ઞાતિ-સમાજ માટે ભવ્ય ભોજન સમારંભો યોજાઈ રહ્યા છે. સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં ભજીયા પાર્ટી અને તાવા પાર્ટીઓ થઈ રહી છે.

જ્યારે શહેરી વિસ્તારો સોસાયટી અને એપાર્ટમેન્ટના જમણવાર થઈ રહ્યા છે. ઉમેદવારો તરફથી સ્પોન્સર્ડ એવા આ જમણવારોમાં સ્વાભાવિક રીતે જ ઉમેદવારોનુ પ્રચારકાર્ય થઈ રહ્યુ છે. જમણવાર દરમ્યાન ઉમેદવારો જ્ઞાતિ-સમાજના મોટા જૂથ સાથે રૂબરૂ થવાનો અવસર મળતો હોવાથી જમણવારો પાછળ મોટો ખર્ચ થાય છે.

ચૂંટણી નજીક હોવાથી હાલમાં લગભગ દરરોજ આવા જમણવારો યોજાઈ રહ્યા છે. આ ઉપરાંત મંદિરોમાં, ધર્મશાળાઓમાં અને અન્ય સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં માસ મતદારોને આકર્ષવા જમણવારના આકર્ષણો યોજાઈ રહ્યા છે.



એનસીસી દિવસ નિમિત્તે એનસીસી, ગાંધીનગરના કેડેટ્સ દ્વારા મહા રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં ૪૨ બોટલ રક્ત એકત્ર થયુ હતુ. એનસીસીના કેડેટ્સે આ શિબિરમાં ઉત્સાભેર ભાગ લીધો હતો.

# ચૂંટણીના બન્ને તબક્કાના મતદાન માટે રાજ્યનું ચૂંટણી તંત્ર સુસજ્જ: પી. ભારતી

**૫૧,૮૩૯ મતદાન મથકો અને ૨,૨૦,૨૮૮ જેટલો મતદાન સ્ટાફ**

ગાંધીનગર તા.૨૭

વિધાનસભાની ચૂંટણીઓ માટે ગુજરાતનું ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. ૧૯ જિલ્લાઓની ૮૯ બેઠકો માટે તા.૧લી ડિસેમ્બરે પ્રથમ તબક્કામાં મતદાન યોજાશે અને ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો માટે તા.૫મી ડિસેમ્બરે બીજા તબક્કામાં મતદાન યોજાશે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, બન્ને તબક્કાના મતદાન માટે મતદાન મથકો અને મતદાન સ્ટાફનું જરૂરી તમામ આયોજન થઈ ગયું છે. ચૂંટણીમાં ઉપયોગમાં લેવાના ઈવીએમ અને વીવીપેટ પણ તૈયાર થઈ ગયા છે. તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી લેવામાં આવી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં તા.૦૧ ડિસેમ્બર અને તા.૦૫ ડિસેમ્બર એમ બે તબક્કામાં યોજાનાર છે. પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાઓમાં થનાર મતદાન માટે કુલ ૨,૩૯,૭૬,૬૭૦ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. જેમાં ૧,૨૪,૩૩,૩૬૨ પુરૂષ, ૧,૧૫,૪૨,૮૧૧ મહિલા તથા ૪૯૭ ત્રીજી જાતિના મતદારોનો સમાવેશ થાય છે. જ્યારે બીજા તબક્કામાં ૧૪ જિલ્લાઓમાં યોજાનાર મતદાન માટે કુલ ૨,૫૧,૫૮,૭૩૦ મતદારો મત આપી શકશે. જેમાં ૧,૨૯,૨૬,૫૦૧ પુરૂષ, ૧,૨૨,૩૧,૩૩૫ મહિલા અને ૮૯૪ ત્રીજી જાતિના મતદારોનો સમાવેશ થાય છે. એમ બંને તબક્કામાં થઈ ૨,૫૩,૫૯,૮૬૩ પુરૂષ, ૨,૩૭,૭૪,૧૪૬ મહિલા અને ૧,૩૯૧ ત્રીજી જાતિના મળી કુલ ૪,૯૧,૩૫,૪૦૦ મતદારો નોંધાયેલા છે. રાજ્યમાં સર્વિસ વોટરની કુલ સંખ્યા ૨૭,૮૭૭ છે. પ્રથમ તબક્કામાં ૯,૩૭૧ પુરૂષ અને ૨૩૫ મહિલા મતદારો મળી ૯,૬૦૬ સેવા મતદારો જ્યારે બીજા તબક્કામાં ૧૭,૬૦૭ પુરૂષ અને ૬૬૪ મહિલા મતદારો મળી ૧૮,૨૭૧ સેવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. વિધાનસભાની ચૂંટણી-૨૦૨૨માં વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબંધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. અંતિમ મતદાર યાદીમાં વિદેશમાં વસતા ૮૨૩ ભારતીય મતદારો નોંધાયા છે. પ્રથમ તબક્કામાં ૧૨૫ પુરૂષ અને ૩૮ મહિલાઓ મળી ૧૬૩ મતદારો તથા બીજા તબક્કામાં ૫૦૫ પુરૂષ અને ૧૫૫ મહિલાઓ મળી ૬૬૦ વિદેશમાં વસતા ભારતીય મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. બે તબક્કામાં યોજનારી વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં ૭૧૮ પુરૂષ અને ૭૦ મહિલા મળી કુલ ૭૮૮ જ્યારે બીજા તબક્કામાં ૭૬૪ પુરૂષ અને ૬૯ મહિલા મળી કુલ ૮૩૩ હરિફ ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ૧,૪૮૨ પુરૂષ અને ૧૩૯ મહિલા મળી વિવિધ રાજકીય પક્ષ-અપક્ષના કુલ ૧,૬૨૧ હરિફ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. રાજ્યની ૧૮૨ વિધાનસભા બેઠકો માટે ૬,૨૧૫ શહેરી મતદાન મથક સ્થળો પૈકી પ્રથમ તબક્કામાં ૩,૩૩૧ મતદાન મથક સ્થળો પર ૯,૦૧૪ મતદાન મથકો આવેલા છે. જ્યારે ૧૧,૦૭૧ ગ્રામ્ય મતદાન મથક સ્થળો પર ૧૬,૪૧૬ મતદાન મથકો મથકો આવેલા છે. બીજા તબક્કામાં ૨,૯૦૪ શહેરી મતદાન મથક સ્થળો પર ૮,૫૩૩ મતદાન મથકો આવેલા છે. જ્યારે ૧૨,૦૭૧ ગ્રામ્ય મતદાન મથક સ્થળો પર ૧૭,૮૭૬ મતદાન મથકો આવેલા છે. આમ રાજ્યભરમાં ૨૯,૩૫૭ મતદાન મથક સ્થળો પર કુલ ૫૧,૮૩૯ મતદાન મથક આવેલા છે. રાજ્યના તમામ મતદાન મથકો પર મળી કુલ ૭૦,૭૬૩ બેલેટ યુનિટ, ૭૦,૭૬૩ કંટ્રોલ યુનિટ તથા ૭૯,૧૮૩ વીવીપેટનો ચૂંટણી પ્રક્રિયા માટે ઉપયોગ કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૩૪,૩૨૪ બેલેટ યુનિટ, ૩૪,૩૨૪ કંટ્રોલ યુનિટ તથા ૩૮,૭૪૯ વીવીપેટ જ્યારે બીજા તબક્કામાં ૩૬,૪૩૯ બેલેટ યુનિટ, ૩૬,૪૩૯ કંટ્રોલ યુનિટ તથા ૪૦,૪૩૪ વીવીપેટનો ઉપયોગ કરવામાં આવશે.

# એક તરફ લગ્નના ઢોલ ઢબુક્યાં તો બીજી તરફ ચૂંટણીના સરઘસ નીકળ્યાં..!!

**રવિવારની રજાના દિવસે ચૂંટણી પ્રચારના સરઘસોની ભરમાર વચ્ચે લગ્નોના વરઘોડા અને રાસ ગરબાને કારણે શહેરમાં ઉત્સવનો માહોલ અનુભવાયો**

ગાંધીનગર તા.૨૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં મતદાન માટે હવે આંગળીના વેઢે ગણાય તેટલાં ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ગાંધીનગરની બંને બેઠકો પર પ્રચાર અભિયાન જોરશોરથી ચાલી રહ્યા છે.

આજે એક તરફ રવિવારે રજાનો દિવસ હતો અને બીજી તરફ શહેરમાં તરફ માગશર મહિનાની લગ્નસરાની મોસમ પુર બહારમાં ખીલી છે જેના કારણે શહેરના માર્ગો પર ડીજેના સંગીત સાથે વરઘોડા જોવા મળતા હતા ત્યારે ચૂંટણી પ્રચારના સરઘસો પણ મોટી સંખ્યામાં શહેરના વિવિધ વિસ્તારની સોસાયટીઓમાં ફરી રહ્યા હોવાથી ચારેકોર ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો.

ગાંધીનગર શહેરમાં આજે ખૂબ મોટી સંખ્યામાં લગ્ન સમારંભોના આયોજન થવા પામ્યા હતાજેને કારણે શહેરમાં સતત શરણાઈના સૂર અને લગ્નના ઢોલ ઢબૂકતા સંભળાતા હતા આ સ્થિતિમાં બીજી તરફ શહેરમાં વિધાનસભાની ચૂંટણીના પ્રચાર અભિયાનમાં પણ ગતિ આવી હોવાથી વિવિધ રાજકીય પક્ષો તેમજ ઉમેદવારોના ચૂંટણી સરઘસો શહેરના માર્ગોમાં માર્ગો પર ફરતા જોવા મળી રહ્યા હતા. મોટાભાગના ચૂંટણી પ્રચારના સરઘસોમાં લાઈવ ડીજેસંગીત સાથે આયોજન કરાયેલું હોવાથી શહેરમાં આજે એક અલગ પ્રકારનો જ માહોલ છવાયો હતો અને ચારેકોર નવરાત્રીના ઉત્સવની યાદ આવી જાય તેવી સ્થિતિ અનુભવાઈ હતી. શહેરમાં મોટાભાગના પાર્ટી પ્લોટ, કોમ્યુનિટી હોલ કે સમાજ સંસ્થાની વાડીઓમાં લગ્ન સમારંભો અથવા તેને અનુલક્ષીને આયોજિત કરાયેલા રાસ ગરબા કે સંગીત સંધ્યા જેવા કાર્યક્રમો જોવા મળ્યા હતા. ઉમેદવારોએ પણ આજે રવિવારની રજાના દિવસે શક્ય હોય તેટલા વધુ મતદારોને રૂબરૂ મળીને પોતાની વાત મૂકી શકાય અને મત માટે રાજી કરી શકાય તે માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. મોટાભાગના ઉમેદવારોએ આજે પસંદ કરેલા વિસ્તારોમાં લાઈવ ડીજે સંગીત સાથે સરઘસો, રેલી, પદયાત્રા અથવા રોડ શો જેવા આયોજનો કર્યા હતા. લગ્ન સમારંભોમાંથી વેલાતા શરણાઈના સુરો અથવા ઢબુકતા ઢોલ વચ્ચે ચૂંટણી સરઘસોના ડીજે ને કારણે સમગ્ર શહેરમાં ઉત્સવનો માહોલ અનુભવાયો હતો.